જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૬/૨૦૨૩ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૦૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૬ કેસ કરી, ૮૪ વ્યક્તિઓને ઝડપી, ૧૯૫ લીટર દેશી દારૂ, ૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ બિયર ટીન અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૩૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૩,૯૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૧૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૩૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૪૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૯૧૧/૨૦૨૩

ગુજરાત યુનિવર્સીટીઃ અપુર્વ અનંતક્રીષ્ન ભટ્ટ (રહે.આર્યન એમીનેન્ટ, ઇંડ્સેન્ડ બેંક નજીક, ચાણક્યપુરી ઘાટલોડીયા) એ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૪/૬/૨૦૨૩ રાતના ૧૧/૪૫ થી તા.૫/૬/૨૦૨૩ કલાક ૦૦/૪૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન આંબાવાડી પાંજરાપોળ ચાર રસ્તા પાસે, આઇ.આઇ.એમ. રોડ, થર્ડ આઇ-વિઝન કોમ્પ્લેક્ષમાં આવેલ “વાયબલ રી-રીકોમર્સ ઇન્ડીયા પ્રા.લી.” ઓફીસના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઓફીસમાં પ્રવેશ કરી, ઓફીસમાંથી i-phone 14, 128GB મોબાઇલ ફોન નંગ-૭૨ કિંમત રૂપિયા ૪૮,૭૪,૪૦૦/-, “I phone -13” 128GB મોબાઇલ ફોન નંગ-૩૬ કિંમત રૂપિયા ૨૧,૪૭,૪૦૦/- અને જુના સ્ટોકમાંથી i-phone-13,128GB મોબાઇલ નંગ-૧૧ કિંમત રૂપિયા ૬,૫૪,૫૦૦/- તેમજ તિજોરીમાંથી રોકડ રૂપિયા ૬૩,૫૦૦/- મળી કુલ રૂપિયા ૭૭,૩૯,૮૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.જે.જાડેજા ચલાવે છે.

**ઘાટલોડીયાઃ** ભુદાજી સુરતીંગજી પ્રજાપતિ (રહે. પારસનગર વિભાગ-૨ સોલા રોડ ઘાટલોડીયા) એ તા.૦૫/૦૬/૨૦૨૩ ના રોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૬/૨૦૨૩ સવારના ૫/૩૦ થી તા.૦૫/૦૬/૨૦૨૩ સવારના ૧૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૩,૦૮,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.પટેલ ચલાવે છે.

**ખોખરાઃ** ભૈરૂલાલ સ/ઓ છગનલાલ ખીંચી (રહે. હરીઓમ ડુપ્લેક્ષ ગોપી ડેરી સામે વસ્ત્રાલ) એ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૬/૨૦૨૩ રાતના ૮/૩૦ થી તા.૦૫/૦૬/૨૦૨૩ કલાક ૮/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ખોખરા સી.ટી.એમ.થી હાટકેશ્વર જવાના રસ્તામાં આવેલ ભૈરવનાથ સ્ક્રેપ નામની પોતાની દુકાનની ઓફીસના દરવાજાની પટ્ટી તોડી અજાણી વ્યક્તિ ઓફીસમાં પ્રવેશ કરી ટી.વી.કિંમત રૂપિયા ૫૦૦૦/- અને રોકડ રૂપિયા ૧,૬૪,૫૦૦/- મળી કુલ રૂપિયા ૧,૬૯,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી તેજપાલસિંહ પુરણસિંહ ચલાવે છે.

**<u>શેડ ઉપરથી પડી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૯૧૨/૨૦૨૩</u>**

**દાણીલીમડાઃ** અબરેશકુમાર ક્રિષ્ણા યાદવ (ઉ.વ.૩૪)(રહે.પીપળજ રોડ ખોડીયારનગર ચાર રસ્તા) તા.૩૧/૦૫/૨૦૨૩ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે દાણીલીમડા પીપળજ રોડ ખ્રિસ્તિ કબ્રસ્તાન પાસે આવેલ “કાજલ ફિનેશર” નામની કંપનીમાં પતરા બદલતા હતા ત્યારે ફેક્ટરીના શેડનું પતરું તુટતા, અમરેશભાઇ શેડ ઉપરથી નીચે પડતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૫/૦૬/૨૦૨૩ કલાક ૭/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.બી.વાઘેલા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૯૧૩/૨૦૨૩</u>**

**વેજલપુરઃ** અજયભાઇ ગોવિંદભાઇ સોંધરવા (ઉ.વ.૩૬)(રહે.શૈલેષપાર્ક સોસાયટી દયાલપાર્કની સામે ડી-માર્ટની પાછળ જીવરાજપાર્ક વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૬/૨૦૨૩ સવારના ૧૧/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુક સાથે કપડું બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી છે. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિપુલભાઇ ભવાનભાઇ ચલાવે છે.

**નરોડાઃ** આશાબહેન વા/ઓ દલપતભાઈ પરમાર (ઉ.વ.૪૦)(રહે.હર્ષદનગર સોસાયટી, ગ્રામ પંચાયત દરવાજાની બાજુમાં નાના ચીલોડા નરોડા) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૬/૨૦૨૩ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને મેમ્કો આનંદ સર્જીકલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૫/૦૬/૨૦૨૩ કલાક ૧/૫૫ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતુ. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કલ્પેશભાઈ ધુળાભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી